RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 307* Date: 04.09.2020 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### હેકરે કોવિડ-૧૯ રિલીફ ફંડ માટે ડોનેશનમાં બિટકોઈનની માંગણી કરી

# PM મોદીની પર્સનલ વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક

### પીએમના આ એકાઉન્ટમાં ૨૫ લાખથી વધુ ફોલોઅર્સ છે, તાજેતરમાં ઓબામા, બિગ ગેટસ સહિતના ટવીટસ એકાઉન્ટ સાથે છેડછાડ થઈ હતી

*ન્યુ દિલ્હી,તા.૩*

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વ્યકિતગત વેબસાઈટનું ટવિટર એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું છે. હેકરે કોવિડ-૧૯ રિલીફ ફંડ માટે બિટકોઈનમાં દાન આપવાની માંગ કરી છે. જો કે તાત્કાલિક આ ટ્વિટ ડિલીટ કરી દેવામાં આવી હતી. પીએમ મોદીની પર્સનલ વેબસાઈટના ટ્વિટર એકાઉન્ટના મેસેજમાં લખવામાં આવ્યું કે, તમને લોકોને અપીલ કરું છું કે કોવિડ–૧૯ માટે રચવામાં આવેલા પીએમ રિલીફ ફંડમાં દાન આપો.

અન્ય એક ટ્વિટમાં હેકરે લખ્યું કે, આ એકાઉન્ટ જોન વિક નામના વ્યક્તિએ હેક કર્યું છે. અમે પેટીએમ મોલ હેક નથી કર્યું આ તમામ ટ્વિટ ડિલીટ કરી દેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પર્સનલ વેબસાઈટનું પણ ટ્વિટર એકાઉન્ટ છે અને તેના ૨૫ લાખ જેટલા ફલોઅર્સ છે.






પીએમ મોદીની વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક થયું હોવાની ખુદ ટ્વિટરે પુષ્ટિ કરી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પર્સનલ વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક થયું હોવાની પુષ્ટ્રિ કરી હતી. હેકરે કેટલીક ટીટસ કરીને બિટકોઈનમાં દાન માંગ્યું હતું. ટ્વિટરે જણાવ્યું કે તે આ સમગ્ર બાબતથી વાકેફ છે અને તેમણે એકાઉન્ટ સુરક્ષિત કરવા માટે પગલા લીધા છે. ટ્વિટરના પ્રવકતાએ નિવેદનમાં જણાવ્યું કે અમે આ મામલે સક્રિત તપાસ કરી રહ્યા છીએ. હાલમાં વધુ એકાઉન્ટસ પ્રભાવિત થયા હોવાની માહિતી મળી નથી. પેટીએમ મોલના ડેટા ચોરીમાં પણ જોન વિક ગ્રુપનું નામ આવ્યું હતું. સાયબર સિકયોરિટી ફર્મ સાઈબલે ૩૦ ઓગસ્ટના દાવો કર્યો હતો કે જોન વિક ગ્રુપે પેટીએમ મોલનો ડેટા ચોરી કર્યો હતો. સાઈબલે દાવો કર્યો હતો કે આ હેકર ગ્રુપે (રેન્સમ) ખંડણીના નાણાં માંગ્યા હતા. જો કે પેટીએમે દાવો ફગાવતા જણાવ્યું હતું કે ડેટા લીક જેવી કોઈ ઘટના ઘટી નથી. ટ્વિટરે પણ સ્વિકાર્યું છે કે પીએમ મોદીની પર્સનલ વેબસાઈટ સાથે લિંક એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું હતું. ટવિટરના પ્રવકતા મુજબ, અમે આ મામલાની પૂરી તપાસ કરી રહ્યા છીએ. જોકે, હજુ સુધી એ જાણકારી નથી મળી કે આ એકાઉન્ટ ઉપરાંત અન્ય કોઈ એકાઉન્ટ ઉપર પણ ફરક પડો છે કે નહીં. નોંધનીય છે કે, જુલાઈના બીજા સાહમાં અમેરિકામાં અનેક દિગ્ગજ હસ્તીઓના ટિટર એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યા હતા. તેમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા, માઈક્રોસોટના ફાઉન્ડર બિલ ગેટસ, દુનિયાના સૌથી અમીર અને ઈન્વેસ્ટમેન્ટ ગુ વોરેન બફે સામેલ હતા. આ ઉપરાંત અમેરિકાની રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ઉમેદવાર જો બિડનનું પણ ટિટર એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું હતું. આઈફોન બનાવનારી કંપની એપલ પણ આ સાઈબર અટેકનો શિકાર બની ચૂકી છે. તે સમયે પણ હેકર્સે બિટકોઈનની માંગ કરી હતી.

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૮૩,૮૮૩ નવા પોઝિટિવ કેસ

# કોરોના સંકટઃ કુલ કેસ ૩૮ લાખને પાર, મૃત્યુઆંક ૬૭ હજારથી વધુ



*ન્યુ દિલ્હી,તા.૩*

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જે ગતીથી ફેલાઈ રહ્યું છે તે જોઈને લાગી રહ્યું છે કે કોરોના વાયરસના સૌથી વધારે કેસના મામલામાં આગામી થોડા જ દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે. ૨૪ કલાક દરમિયાન નોંધાયેલા કોરોનાના કેસના મામલે ભારતે બ્રાઝીલ અને અમેરિકાને પાછળ છોડી દીધું છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૭ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૮૩,૮૮૩ કેસ નોંધાતા કુલ આંકડો ૩૮,૫૩,૪૦૬ સુધી પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૭.૦૬ સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૮,૫૮૪ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૯૭૦૪૯૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં

### ૧૦૪૩ લોકોના મૃત્યુ, રિક્વરી રેટ સુધરીને ૭૭.૦૬ સુધી પહોંચ્યો,એક દિવસમાં રેકોર્ડ ૧૧.૭૨ લાખ ટેસ્ટ કરાયા

૧૦૪૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૭,૩૭૬ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮,૧૫,૫૩૮ એક્ટિવ કેસ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, બુધવારે ૧૧ લાખ ૭૨ હજાર ૧૭૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધી ૪ કરોડ ૫૫ લાખ ૯ હજાર ૩૮૦ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના દર્દીઓ સ્વસ્થ થવાની ઝડપ છેલ્લા એક સપ્તાહમાં ધીમી થઈ ગઈ છે. ૨૬ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર વચ્ચે રિકવરી રેટ ૧.૧ ટકાનો જ સુધારો થયો છે. જો કે અગાઉના સપ્તાહે રિકવરી રેટમાં ૨.૩ ટકાનો વધારો નોંધવામાં આવ્યો હતો.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૬૦૨૨૦૦૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮,૬૨,૭૨૨ લોકોના મોત નિપજ્યા છે જયારે ૧,૭૨,૮૧૮૫૯ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭,૮૭,૭૪૨૪ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૧૩૨૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૧૦૦૩૭૫**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૧૬**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૧૨૬**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૮૧૨૮૦**

### અમેરિકા,બ્રિટન,ફ્રાન્સ,જર્મની,બેલ્જિયે પાકિસ્તાનને પછાડ્યું

# યુનોમાં બે ભારતીયોને આતંકી જાહેર કરવાની પાકિસ્તાનની માંગ નામંજૂર

*યુનો,તા.૩*

પાકિસ્તાનની ભારત વિરોધી એક ખંધી ચાલને યુનોની સલામતી સમિતિના પાંચ સભ્ય દેશોએ નિષ્ફળ બનાવી દીધી હતી. યુનોની મદદથી પાકિસ્તાન કેટલાક ભારતીય નાગરિકોને આતંકવાદી ગણાવી દેવાના પ્રયાસ કરી રહ્યું હતું. પરંતુ સલામતી સમિતિના પાંચ સભ્ય દેશોએ ભારતને પીઠબળ આપીને પાકિસ્તાનની ચાલને નિષ્ફળ બનાવી હતી.



અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને બેલ્જિયમે પાકિસ્તાનને પીછેહઠ કરવાની ફરજ પાડી હતી. યુનોની સલામતી સમિતિમાં બે હંગામી અને ત્રણ કાયમી સભ્યો છે. આ સભ્યોએ યુનોની સલામતી સમિતિની ૧૨૬૭ અલ કાયદા સેંક્શન કમિટિ સેક્રેટરિયેટને એવી સૂચના આપી હતી કે ભારતીય નાગરિક અંગારા અપ્પાજી અને ગોવિંદ પટનાઈક દુગ્ગીવલાસાને આતંકવાદી ગણાવવાના પાકિસ્તાનના પ્રસ્તાવને અટકાવી દેવો. આ પાંચે દેશોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ભારતીય નાગરિકો આતંકવાદી હોય એવો એક પણ સચોટ પુરાવો પાકિસ્તાને આપ્યો નથી માટે આ નામો આતંકવાદી યાદીમાં ઉમેરવા નહીં.

તદ્દન નિર્દોષ ભારતીય નાગરિકોને આતંકવાદી ગણાવી દેવાની પાકિસ્તાનની આ ચાલ પહેલીવારની નથી. અગાઉ પણ પાકિસ્તાને આવો નાપાક પ્રયાસ કર્યો હતો. આ વર્ષના જૂનમાં પણ પાકિસ્તાને ભારતીય નાગરિક વેણુમાધવ ડોંગરા અને અજય મિસ્ત્રીનું નામ આતંકવાદીઓની યાદીમાં નાખવાનો પ્રયાસ કર્યો હતો જેને અમેરિકાએ અટકાવી દીધો હતો. આ વર્ષે પણ કોઇ ભારતીય નાગરિક આતંકવાદી હોય એવો પુરાવો પાકિસ્તાન રજૂ કરી શક્યું નહોતું. આ બાબતમાં યુનો ખાતેના ભારતના કાયમી પ્રતિનિધિ ટી એસ તિરુમૂર્તિએ ટ્વીટર પર લખ્યું કે યુનોની સલામતી સમિતિની ૧૨૬૭ અલ કાયદા સેંક્શન કમિટિને પોલિટિકલ રંગ આપવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. જે દેશોએ ભારતને સાથ આપ્યો એ સૌનો હું જાહેરમાં આભાર માનું છું. પાકિસ્તાન કોઇ ભારતીય નાગરિક વિરોધી એક પણ પુરાવો રજૂ કરી શક્યું નહીં.

### કોંગ્રેસ નેતાનો નોટબંધીને લઈને કેન્દ્ર પર વાર

# મોદીજીનું ‘કેશ મુક્ત‘ ભારત મજૂર-ખેડૂત-નાના વેપારી મુક્ત‘ ભારત છેઃ રાહુલ

*ન્યુ દિલ્હી,તા.૩*

અર્થવ્યવસ્થાના મોરચામાં ઘેરાયેલી મોદી સરકાર પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના આકરા પ્રહાર ચાલુ છે. ગુરુવારે રાહુલ ગાંધીએ અર્થવ્યવસ્થાના મુદ્દા પર પોતાનો વીડિયો શ્રેણીનો બીજો ભાગ જાહેર કર્યો. આ વીડિયોમાં રાહુલ ગાંધીએ નોટબંધીના મુદ્દા પર મોદી સરકારને ઘેરી અને તેને ગરીબો વિરુદ્ધનો નિર્ણય બતાવ્યો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે નોટબંધી ભારતના ગરીબ-ખેડૂત-મજદૂર પર આક્રમણ હતું. ૮ નવેમ્બરની રાતે ૮ વાગ્યે પીએમ મોદીએ ૫૦૦-૧૦૦૦ નોટ બંધ કરી દીધી, ત્યાર બાદ દેશ આખો બેંકની સામે જઇ ઉભો રહી ગયો. રાહુલ ગાંધીએ પૂછ્યું કે શું તેનાથી કાળુ નાણું ઘટ્યું? શું લોકોને તેનાથી ફાયદો થયો? બંનેનો જવાબ ના છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ



આરોપ લગાવ્યો કે નોટબંધીથી માત્રને માત્ર ધનવાનોને ફાયદો થયો, તમારા રૂપિયા ઘરમાંથી નીકાળીને તેનો પ્રયોગ પૈસાદારોનું લોન માફ કરવામાં આવી.

રાહુલ ગાંધીએ કહ્યું કે બીજો હેતુ હતો તે જમીન પચાવી પાડવાનો હતો. દેશનું અસંગઠિત ક્ષેત્ર રોકડ પર કામ કરે છે, નોટબંધીથી કેસલેસ ઈંડિયા ઈચ્છતા હતા, જો આવું થશે તો આ ક્ષેત્ર જ પુરુ થઈ જશે. એટલા માટે આ કારણે ખેડૂત, મજદૂર, નાના વેપારીઓને તેનાથી નુકસાન થયું.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે નાના વેપારીઓ રોકડ વગર ન જીવી શકે. આપણે નોટબંધીના આ આક્રમણને ઓળખવું પડશે અને દેશની જનતાએ તેના સામે લડવું પડશે.

# ભારત દુનિયામાં બીજો સૌથી વધારે કોરોના ટેસ્ટ કરનારો દેશઃ સ્વાસ્થ્ય મંત્રાલય

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં વધી રહેવા કોરોના સંક્રમણને લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સ ગુરુવારે યોજાઈ, આ દરમિયાન મંત્રાલયના સચિવ રાજેશ ભૂષણ, જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલ, ICMRના ડીજી ડૉ. બલરામ ભાર્ગવ હાજર રહ્યાં. રાજેશ ભૂષણે જણાવ્યું કે, ભારત દુનિયામાં બીજો સૌથી વધારે કુલ ટેસ્ટ કરનારો દેશ બની ગયો છે. ગઈકાલે એક દિવસમાં સૌથી વધારે ૬૮,૫૮૪ લોકો સ્વસ્થ થયાં.

સ્વાસ્થ્ય મંત્રાલયના સચિવ રાજેશ ભૂષણે કહ્યું, ગત ૨૪ કલાકમાં કોરોના માટે ૧૧.૭૨ લાખ ટેસ્ટ થયાં છે. જો અત્યાર સુધીના ૨૪ કલાકમાં સૌથી વધારે ટેસ્ટ કરવાનો રેકોર્ડ છે. રિકવરી કેસ એક્ટિવ કેસથી સાડા ત્રણ ગણો વધારે છે.

કોરોના વાઈરસથી સૌથી વધારે પ્રભાવિત રાજ્યોમાં સૌથી આગળ મહારાષ્ટ્ર છે. બીજા સ્થાન આંધ્રપ્રદેશ જ્યારે ત્રીજા, ચોથા અને પાંચમાં સ્થાને કર્ણાટક, તમિલનાડૂ અને ઉત્તરપ્રદેશ છે. દેશના કુલ એક્ટિવ કેસના ૬૨% એક્ટિવ કેસ આ પાંચ રાજ્યોમાં છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધારે મોત થયાં છે. કુલ મોતના ૭૦% આ પાંચ રાજ્યોમાંથી જ છે. વિકલી બેઝ પર જોવામાં આવે તો આ પાંચ રાજ્યોમાં દર્દીઓના મોતની સંખ્યા વધી છે અને એક્ટિવ કેસમાં પણ ઘટાડો થયો છે.

હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણે કહ્યું કે, હું માનું છું કે કેટલાંક રાજ્ય પોતાની ક્ષમતાથી ઓછા RT-PCR ટેસ્ટ કરી રહ્યાં છે. અમે તેમની સાથે સંપર્કમાં છીએ અને તેમને RT-PCR ટેસ્ટ વધારવાનું જણાવી રહ્યાં છીએ.

તેમણે કહ્યું કેટલાંક રાજ્યોમાં હેલ્થ વર્કર્સ વધારે સંક્રમિત થઈ રહ્યાં છે. તેલંગણામાં ૧૮%, દિલ્હીમાં ૧૪%, મહારાષ્ટ્રમાં ૧૬%, પંજાબમાં ૧૧%, કર્ણાટકમાં ૧૩% અને પોંડીચેરીમાં ૧૨% હેલ્થ વર્કરનો પોઝિટિવિટિ રેટ છે. આ રાજ્યોને કહેવામાં આવી રહ્યું છે કે હોસ્પિટલમાં પ્રોટોકોલ અને SOPsનું પાલન થઈ રહ્યું છે કે નહી તેના પર ધ્યાન આપે.

## તંત્રી સ્થાનેથી...

# ધારાસભ્યોના જરૂરી પગાર સાથે ભથ્થા કાપનો નિર્ણય કરે તો ગુજરાત દેશનું રાહબર રાજ્ય બની જાય.....?!

દેશમાં કોરોના સંક્રમિત ના કેસનો આંકડો ૩૮.૩૭ લાખથી આગળ વધી રહ્યો છે. તો સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩૦ લાખને આંબવા પર છે. પરંતુ આ બધી બાબતો વચ્ચે ભારતમાં ૨૨ દિવસ પહેલા કોરોના મારટ દવા શોધવાનો જે દાવો કરાયો હતો તે બાબતના કોઈ જ સમાચાર નથી... કે આ દવાનું સંશોધન કયા તબક્કે પહોંચ્યું છે તે અંગે કોઈ પણ દાવા થયા નથી. ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા વધતી ચાલી છે જે કારણે એક લાખનો આક પાર થઈ જશે તેવી સ્થિતિ બની રહી છે.....!

બીજી તરફ ગુજરાતના નવનિયુક્ત ભાજપ પ્રદેશ પ્રમુખ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જે પ્રકારે મુલાકાત લીધી અને અનેક નાના મોટા નેતાઓ, ધારાસભ્યો, કાર્યકરો સહિતનાએ ઉમળકાભેર કોરોના બાબતેના નિયમોનું ઉલ્લંઘન કરવા સાથે સ્વાગત કર્યું, ભોજન સમારંભ યોજાયા, ગરબા ગવાયા, મીટીંગો થઈ તેના કારણે રાજકોટ તથા સૌરાષ્ટ્રના કેટલાક ગ્રામ્ય મથક વિસ્તારોમાં કોરોના કેસોની સંખ્યા વધી ગઈ હોવાથી સર્વત્ર વ્યાપી ચર્ચાઓ વધી ગઈ છે. તેમાં પણ ૧૮ ધારાસભ્યો કોરોનાની ચપેટમાં આવી ગયા અને રાજકોટમાં કોરોનાથી ૩૨ લોકોના મૃત્યુ થતા આમ પ્રજામાં ભાજપ પ્રમુખ સામે આંતરિક રોષ વ્યાપી ગયો છે..... લોકો કહે છે કે કોરોના જેવી મહામારીમાં પાર્ટીનો ચૂંટણી પ્રચાર કે સંગઠ્ઠનના માટે આ રીતે ખોટા સમયમાં નીકળે તે યોગ્ય ન કહેવાય. તેમની મુલાકાત આમ પ્રજાને નડી ગઈ છે .....! તેમનુ શું જવાનું કે ગુમાવવાનું છે.....? બીજી તરફ ગુજરાત સરકાર વિવિધ ગુનાખોરી ડામવા માટે આકરા કાયદા લાવી રહી છે જેનાથી લોકોમાં રૂપાણી સરકાર માટે માન વધી ગયું છે. પરંતુ આ નવા કાયદાઓનો અમલ ઈમાનદારીથી કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર કે વહાલા દવલાની નીતિ ન રાખવામાં આવે તો ગુજરાતના લોકો ફરી ભાજપાનેજ મહત્વ આપતા થઈ જશે.....!

ગુજરાત સરકાર એક પછી એક વિવિધ નિર્ણય લેવા લાગી છે તેમાં ધારાસભ્યોના ૩૦ ટકા પગાર કાપનો નિર્ણય એક વર્ષ માટેનો કર્યો છે. અત્યારના સમયમાં ધારાસભ્યશ્રીને દર મહિને પગાર ભથ્થાના રૂપિયા ૧,૧૬,૩૧૬ મળે છે. તો મિટિંગ- બેઠક માટેનું ભથ્થુ પ્રતિદિન રૂપિયા ૧,૦૦૦ મળે છે. મોબાઈલ, પોસ્ટ, પ્રવાસ માટે રૂપિયા ૧૦,૦૦૦ મળે છે. ત્યારે શિક્ષિત અને જાગૃત લોકોમાં એવી સવાલી ચર્ચાઓ છે કે ધારાસભ્યનો મન્થલી પગાર કેટલો છે....? તેઓનું ભથ્થુ કેટલું છે....? અન્ય બાબતના ભથ્થા ખર્ચ અપાય છે તે દર મહિને કેટલા....? અત્યારના સમયમાં કોઈ ધારાસભ્ય પ્રજાની મુલાકાતે કે પ્રજાની વચ્ચે છેલ્લા પાંચેક માસથી ગયા નથી....!! તો તેઓને પગાર ભથ્થા શા માટે આપવાના.....?વળી રૂપાણી સરકારે પગાર કાપની વાત કરી છે કે અન્ય કોઈ ભથ્થા કાપવાની વાત કરી નથી... ત્યારે આને કેવા પ્રકારનો કાપ સમજવો....

પ્રજાને ચુઈંગ ગમ તો નથી બતાવી ને...?! બાકી ગાંધીના ગુજરાતમાં તો ઠીક સમગ્ર દેશમાં રાજકારણ એક સેવાનું ક્ષેત્ર છે તેમાં વળતરની અપેક્ષા ન હોય... પછી આવા પગાર-ભથ્થાઓ તો પ્રજા ઉપર મોટો બોજ જ છે... ત્યારે ખરેખર રૂપાણી સરકારે એવી જાહેરાત કરવી જોઈએ કે નિર્ણય લેવો જોઈએ કે ધારાસભ્યોના પગાર-ભથ્થાઓ સહિતના વિવિધ ભથ્થાઓમાં ૭૦ ટકા કાપ ૫ વર્ષ માટેનો કરવો જોઈએ..... કારણ કેન્દ્ર અને રાજ્ય સરકારોને નાણાંની જરૂર છે.જેથી સરકારને અને પ્રજાને રાહત થાય. તે સાથે જ કેન્દ્ર સરકારે પણ સાંસદોના પગાર ભથ્થા વગેરેમાં ૫૦ ટકા કાપ મૂકવો જોઈએ. જો ગુજરાત સરકાર પગાર ભથ્થામાં ૭૦ ટકા કાપનો નિર્ણય કરે તો દેશભરની પથદર્શક સરકાર બની જશે..... અને અન્ય રાજ્યો ગુજરાત સરકારના પથ પર ચાલવાની ફરજ પડશે.....!? પરંતુ ગુજરાત સરકાર આવો નિર્ણય કરશે કે કેમ....? તે સવાલ બહુ જ મોટો છે. કારણ અત્યારના સમયમાં ×પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ× નું વર્ચસ્વ મોટા ભાગની પ્રજામાં વ્યાપી ગયું છે......!? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૦૫-૯-૨૦૨૦, શુક્રવાર, ભાદરવા વદ-૨
સૂર્યોદય-૬-૩૨, સૂર્યાસ્ત-૭-૦૦, જૈન નવકારશી-૭-૪૯,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ ઉત્તરાભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૩૨ થી ચલ-લાભ-અમૃત ૧૧-૧૨, ૧૨-૪૬થી શુભ-૧૪-૧૯ સુધી, ૧૭-૨૬થી ચલ-૧૮-૫૯ સુધી, ૨૧-૫૩ થી લાભ-૨૩-૧૯ સુધી

- શુભ હોરા-
૬-૩૨થી ૯-૩૯ સુધી, ૧૦-૪૧ થી ૧૧-૪૩ સુધી, ૧૩-૪૮થી ૧૬-૫૫ સુધી, ૧૭-૫૭થી ૧૮-૫૯ સુધી

# જીડીપીમાં ઘટાડા વચ્ચે ભારત ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ટોપ-૫૦માં

*ન્યુ દિલ્હી,તા.૩*

વર્લ્ડ બૌદ્ધિક સંપત્તિ સંગઠન (ડબ્લ્યુઆઈપીઓ) દર વર્ષે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (જીઆઈઆઈ-ૈં ) ની રેક્રિંગ બહાર પાડે છે. આ વૈશ્વિક સૂચકાંકમાં છેલ્લા પાંચ વર્ષમાં ભારતની સ્થિતિમાં સતત સુધારો થયો છે. આ વર્ષે ભારતમાં લાંબી કૂદકા બાદ તેણે ટોપ -૫૦ માં પોતાનું સ્થાન બનાવ્યું છે.

જીઆઈઆઈ ૨૦૨૦માં ભારતે ૪ સ્થાનનો ફાયદો મળ્યો છે. હવે ભારત વૈશ્વિક સ્તરે ૪૮ મા ક્રમે આવી ગયું છે. ગયા વર્ષે આ અનુક્રમણિકામાં ભારત ૫૨મા ક્રમે હતું. કોરોના સંકટ વચ્ચે ભારત માટે આ ખૂબ જ સારા સમાચાર છે, આ યાદીમાં ચીન ૧૪ મા ક્રમે છે.

આ સૂચિના ટોચના -૫ માં સ્વિટ્ઝરલેન્ડ, સ્વીડન, યુ.એસ. અને નેધરલેન્ડ્સ. જ્યારે ભારત, ચીન, ફિલિપાઈન્સ અને વિયેટનામ સતત નવીનતાને કારણે તેમની સ્થિતિમાં વધુ સુધારો થયો છે. આ દેશોને જીઆઈઆઈ રેક્રિંગમાં સૌથી મહત્વપૂર્ણ અર્થતંત્ર તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ અનુક્રમણિકામાં, છેલ્લા ૫ વર્ષમાં ભારતને સફળતા મળી છે, ૨૦૧૫ માં ગ્લોબલ ઈન્ડેક્સમાં ભારત ૮૧ મા ક્રમે હતું.

## સુપ્રિમે મોરેટોરિયમની અરજીઓ પર સુનાવણી કરી

# ઉકેલ ન આવે ત્યાં સુધી બેન્કો એનપીએ જાહેર ના કરેઃ સુપ્રિમ કોર્ટ



*ન્યુ દિલ્હી,તા.૩*

સુપ્રીમ કોર્ટે લોન મોરેટોરિયમને લઈને દાખલ કરાયેલી અરજીઓ પર ગુરુવારે સુનાવણી કરી હતી. જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતા હેઠળની બેન્ચે બેક્રોને સ્પષ્ટ જણાવ્યું કે કોર્ટ દ્વારા આ મામલે ઉકેલ ના લવાય ત્યાં સુધી બેક્રો આવા ખાતાને નોન પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) જાહેર ના કરે જે ૩૧ ઓગસ્ટ સુધી એનપીએ થયા નથી. સુપ્રીમ કોર્ટે આવા ખાતાઓને પ્રોટેક્શન આપવા બેક્રોને જણાવ્યું છે. આરબીઆઈએ કોરોના વાયરસની મહામારીને પગલે લાગુ કરાયેલા લોકડાઉનમાં ૩૧ ઓગસ્ટ સુધી લોન મોરેટોરિયમ સ્કીમ રજૂ કરી હતી જેમાં લોનના ઈએમઆઈ ભરવામાંથી રાહત આપવામાં આવી હતી. આ કેસમાં ૧૦ સપ્ટેમ્બરે વધુ સુનાવણી થશે.

સુપ્રીમ કોર્ટે લોન મોરેટોરિયમના ગાળામાં વ્યાજ પર વ્યાજને માફ કરવાની માંગ સાથેની અરજી પર સુનાવણી કરી હતી. એક ટ્વીટ મુજબ આ કેસની સુનાવણીમાં સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે બેક્રિંગ સેક્ટર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. એવો કોઈ નિર્ણય ના લઈ શકીએ જેનાથી દેશનું અર્થતંત્ર નબળું બને.

લોન મોરેટોરિયમ અંગેની અરજીની સુનાવણીમાં બુધવારે અરજદાર વતી વકીલ રાજીવ દત્તાએ બુધવારે દલીલ કરતા જણાવ્યું હતું કે વ્યાજ સામાન્ય વ્યક્તિ પર બમણા ઝટકા સમાન છે. દત્તાએ વ્યાજ પર વ્યાજને પ્રથમ દૃષ્ટિએ ખોટું ગણાવ્યું હતું. રિયલ એસ્ટેટ સેક્ટર સંગઠન ક્રેડાઈ વતી હાજર વરિષ્ઠ વકીલ આર્યમાન સુંદરમે પોતાનો પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે, ઋણ લેનાર વ્યક્તિ ઉપર દંડાત્મક વ્યાજ વસૂલવું તે યોગ્ય નથી. આ કારણથી આગામી સમયમાં એનપીએમાં વધારાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દત્તાએ બુધવારે જણાવ્યું કે આરબીઆઈ સ્કીમ (મોરેટોરિયમ) લઈને આવ્યું અને અમને થયું કે મોરેટોરિયમની અવધિ પૂર્ણ થયા બાદ ઈએમઆઈ ચુકવવાના રહેશે પરંતુ પાછળથી જણાવાયું કે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે આ હપતા ભરવા પડશે. વ્યાજ ઉપર વ્યાજ લેવું એ સામાન્ય વ્યક્તિ માટે બેવડા ફટકા સમાન છે.

# દેશમાં માત્ર ચાર જ સરકારી બેન્ક રાખવા નીતિ આયોગની મોદી સરકારને સલાહ

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશના બેક્રિંગ સેક્ટરમાં પણ બહુ જલદી ખાનગીકરણની દિશામાં મોદી સરકાર આગળ વધી શકે છે. નીતિ આયોગે આ માટેની બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરી દીધી છે. આયોગે કેન્દ્ર સરકારને દેશમાં માત્ર ચાર જ સરકારી બેક્ર રાખવા માટે સલાહ આપી છે. આ ચાર બેક્રોમાં સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેક્ર, બેક્ર ઓફ બરોડા અને કેનેરા બેક્ર સામેલ છે. આ સિવાય બીજા ત્રણ નાની સરકારી બેક્રો પંજાબ એન્ડ સિંધ બેક્ર, બેંક ઓફ મહારાષ્ટ્ર અને યુકો બેક્રનું ખાનગીકરણ કરવાનુ સૂચન કર્યું છે. જ્યારે અન્ય સરકારી બેક્રો બેક્ર ઓફ ઈન્ડિયા, યુનિયન બેક્ર, ઈન્ડિયન ઓવરસીઝ બેક્ર, સેન્ટ્રલ બેક્ર અને ઈન્ડિયન બેક્રનુ ચાર સરકારી બેક્રોમાં વિલિનીકરણ કરાશે અથવા તો તેમાંથી સરકાર પોતાની ભાગીદારી ઘટાડીને ૨૬ ટકા સુધી જ રાખશે. ખાનગીકરણ માટે કેટલાક સમય પહેલા કેન્દ્ર સરકારે સ્ટ્રેટેજિક અને નોન સ્ટ્રેટેજિક સેક્ટર નક્કી કર્યા હતા.જે પ્રમાણે બેક્રિંગ સેક્ટર સ્ટ્રેટેજિક સેક્ટરમાં આવે છે.જેમાં માત્ર ચાર સરકારી સંસ્થાઓને મંજૂરી આપી શકાય તેમ છે. આ સંજોગોમાં સરકાર ચાર જ બેક્ર રાખશે. આ પ્રસ્તાવને બહુ જલદી કેબિનેટ સમક્ષ મુકવામાં આવશે. સરકારના સૂત્રોનુ કહેવુ છઓ કે, બેક્રોને મોટા પાયે મૂડીની જરુર પડવાની છે.આ સંજોગોમાં જે સરકારી બેક્રોની આર્થિક સ્થિતિ નબળી છે તેના ખાનગીકરણથી સરકારને રાહત મળશે. કારણકે આ બેક્રોમાં સરકારે દર વર્ષે મૂડીરોકાણ કરવુ પડશે.

૨૦૧૫ થી લઈને ૨૦૨૦ સુધીમાં સરકારે બેડ લોનના સંકટથી ઘેરાયેલી બેક્રોમાં ૩.૨ લાખ કરોડ રુપિયાનુ રોકાણ કરેલુ છે. એ પછી પણ બેક્રનુ માર્કેટ કેપિટલાઈઝેશનનુ સંકટ યથાવત છે અને કોરોનાના કારણે આ સંકટ વધારે ઘેરું બન્યું છે. બેક્રોના ખાનગીકરણ માટે મોદી સરકાર ૧૯૭૦માં બનેલા બેક્રોના રાષ્ટ્રીયકરણના કાયદાને ખતમ કરી શકે છે.આવુ કરવુ સરકાર માટે મુશ્કેલ પણ નહી હોય કારણકે સંસદના બંને ગૃહમાં સરકાર આ બિલ પાસ કરવવા માટે પુરતુ સંખ્યાબળ ધરાવે છે.

# જાધવના વકીલ નિયુક્ત કરવા ભારતને વધુ એક તક આપવી જોઈએઃ પાક. કોર્ટ

*ઈસ્લામાબાદ,તા.૩*

કુલભૂષણ જાધવના કેસમાં પાકિસ્તાન સરકાર વધુ એક વખત હાંસીને પાત્ર બની છે. પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારને કોઈ બીજાએ નહીં પરંતુ તેની જ ઈસ્લામાબાદ સ્થિત હાઈકોર્ટે ઝટકો આપ્યો છે. ગુરુવારે કોર્ટે તેના ઓર્ડરમાં જણાવ્યું કે કુલભૂષણ જાધવ માટે ભારતના વકીલ નિયુક્ત કરવા માટે ભારતને વધુ એક તક મળવી જોઈએ. પાકિસ્તાન આ કેસના સંદર્ભમાં અનેક વખત ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજ)ના ઓર્ડરનું પાલન કરી રહ્યું હોવાના ગુણગાન ગાતું રહ્યું છે પરંતુ તેના તમામ દાવાઓ પોકળ સાબિત થયા છે. હાઈ કોર્ટે હાલ આ કેસની સુનાવણી એક મહિના માટે ટાળી છે. પાકિસ્તાનની સૈન્ય કોર્ટે ભારતના કુલભૂષણ જાધવને જાસૂસીના અપરાધ બદલ ફાંસીની સજા ફટકારી હતી. આ કેસમાં કુલભૂષણ જાધવ માટે ભારતના વકીલ નિયુક્ત કરવાના કેસમાં ઈસ્લામાબાદ હાઈકોર્ટે સુનાવણી કરી હતી. ભારતના નિવૃત લશ્કરના અધિકારી કુલભૂષણ જાધવ હાલ પાકિસ્તાનની જેલમાં કેદ છે. પુર્નવિચાર અરજી દાખલ કરવા વકીલ નિમણૂક કરવા માટે હાલ કેસ ચાલી રહ્યો છે.

# ફોર્ચ્યુનની ૪૦-અંડર ૪૦ના લિસ્ટમાં ઈશા-આકાશ અંબાણીને સ્થાન

*મુંબઈ,તા.૩*

ફોર્ચ્યુનની ૪૦ અંડર ૪૦ના લિસ્ટમાં આ વખતે અંબાણી પરિવારના બે સભ્યોના નામ સામેલ કરવામાં આવ્યા છે. જેમાં ઈશા અંબાણી અને આકાશ અંબાણીનું નામ છે. ફોર્ચ્યુનએ આ યાદીમાં ફાયનાન્સ, ટેકનોલોજી, હેલ્થકેર, પોલિટિક્સ અને મીડિયા તેમજ એન્ટરટેઈન્મેન્ટની કેટેગરી સામેલ કરી છે. ઈશા અને આકાશનું નામ ટેકનોલોજી કેટેગરીમાં છે. દરેક કેટેગરીમાં વિશ્વની ૪૦ એવી હસ્તિઓને સામેલ કરાઈ છે જેની આયુ ૪૦ વર્ષથી ઓછી છે. ફોર્ચ્યુને લખ્યું ઈશા અને આકાશે જિયોને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આ બંનેએ સોશિયલ મીડિયા કંપની ફેસબુકની સાથે ૯.૯૯ ટકાની ભાગીદારી માટે ૫.૭ બિલિયન ડોલરની ડીલને પણ સફળતાપૂર્વક પાર પાડી છે. ફોર્ચ્યુને લખ્યું છે કે ઈન્ટેલ, ક્વાલકોમ ને ગૂગલ જેવી કંપનીઓને રિલાયન્સ સાથે જોડવા અને રોકાણનું કામ પણ આ બંનેના નેતૃત્વમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

જિયોમાર્ટને લોન્ચ કરવામાં પણ આકાશ અને ઈશાની ભૂમિકાની ફોર્ચ્યુને પ્રશંસા કરી છે. આકાશે ૨૦૧૪માં બ્રાઉન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રની ડિગ્રી મેળવી છે, જ્યારે ઈશાએ યેલ અને સ્ટેનફોર્ડ જેવી સંસ્થામાંથી અભ્યાસ કર્યો છે.

# સરકાર ઝૂકી..!, ચોમાસુ સત્રમાં અતારાંકિત સવાલો પૂછવાની છૂટ અપાઈ



*ન્યુ દિલ્હી,તા.૩*

૧૪ સપ્ટેંબરથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસું સત્રમાં પ્રશ્ન કાળ રદ કરવાના સરકારના નિર્ણયનો પ્રચંડ વિરોધ થતાં સરકારે નમતું જોખ્યું હતું અને અતારાંકિત સવાલો પૂછવાની છૂટ આપી હતી.

અત્રે એ પ્રક્રિયા સમજવાની જરૂર રહે છે. અતારાંકિત પ્રશ્નોના જવાબ સંબંધિત ખાતાના પ્રધાન લેખિત આપે છે એટલે કે એની ચર્ચા થતી નથી. તારાંકિત સવાલોના જવાબો મૌખિક આપવાના હોય છે. કોરોના કાળને આગળ કરીને સરકારે પ્રશ્ન કાળ રદ કરવાના કરેલા નિર્ણયની વિપક્ષોએ આકરી ટીકા કરી હતી. પરિણામે સરકારે નમતું જોખવું પડ્યું હતું.

કોંગ્રેસી સભ્ય શશી થરૂરે તો સરકાર પાસે આ મુદ્દે ખુલાસો માગ્યો હતો. થરૂરે એવો આક્ષેપ કર્યો હતો કે મેં ચાર મહિના પહેલાં કહેલું કે કોરોનાના બહાને સરકાર મતભેદો દબાવી દેવાના પ્રયાસો કરશે. સાંસદોને સુરક્ષિત રાખવાના બહાને પ્રશ્ન કાળ રદ કરવાનો આ નિર્ણય કેટલે અંશે વાજબી ગણવો ?

સંસદીય લોકશાહીમાં સરકાર પાસે કામગીરીનો જવાબ માગવો એ લોકશાહીનો ઓક્સિજન છે. એને દબાવી દઈ શકાય નહીં. સરકાર પોતાની બહુમતીના જોરે જે ખરડો પાસ કરાવવો હોય એ પાસ કરાવે છે. સંસદને નોટિસ બોર્ડ જેવી બનાવી દેવામાં આવી હતી એવો આક્ષેપ પણ થરૂરે કર્યો હતો.

તેમણે કહ્યું કે કથળી રહેલા અર્થતંત્ર અને સરહદો પરના તનાવને લગતા સવાલો વિપક્ષો ન પૂછે એવી ભાવનાથી સરકારે પ્રશ્ન કાળ રદ કર્યો હતો.

# શેરબજારમાં શરૂઆતી ઉછાળા બાદ સામાન્ય નરમાશ સાથે માર્કેટ બંધ

*મુંબઈ,તા.૩*

વૈશ્વિક સંકેતોમાં નરમાશને કારણે સ્થાનિક શેરબજારમાં ગુરુવારે રોકાણકારોએ સાવધાની પૂર્વક વેપાર કર્યો છે. જેમાં સેન્સકસ-નિફટીમાં અમુક મર્યાદાતા સુધી જ વેપાર કર્યો છે. આજના દિવસે શેરબજારના આરંભમાં ઉછાળો આવતા અંતમાં સ્થાનિક બજાર સપાટ સ્તર પર બંધ થયુ છે. જેમાં શેરબજારમાં દિવસના અંતે ઘટાડો જોવા મળ્યો છે.

જેમાં સેન્સેક્સ -૯૫.૦૯ અંક એટલે કે ૦.૨૪% ટકા ઘટીને ૩૮,૯૯૦.૯૪ પર બંધ થયો છે. તેમજ બીજી બાજુ, એનએસઈના ૫૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી -૭.૫૫પોઈન્ટના ઘટાડા સાથે ૧૧,૫૨૭.૪૫ પર બંધ રહી છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે ઈન્ફ્રાટેલ, ગ્રાસિમ, ટાઈટન, યુપીએલ અને વિપ્રોના શેર લીલા નિશાન બંધ રહ્યાં છે. તેમજ આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, કોટક બેંક, એક્સિસ બેંક અને હિંડાલ્કોના શેર લાલ નિશાન પર બંધ થયા છે. તેમમજ સેકટોરીયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે ફાઈનાશિયલ સર્વિસિસ, બેંક, મેટલ, પ્રાઈવેટ બેંક, રિયાલ્ટી, પીએસયુ બેંક અને મીડિયા લાલ નિશાન પર બંધ થયા છે. તથા આઈટી, એફએમસીજી, ઓટો અને ફાર્મામાં તેજી દેખાઈ.

નિફટી બેંક ઈન્ડેક્સ ૩૪૩ અંકોના કડાકે ૨૩,૫૩૦ના લેવલે બંધ આવ્યું છે. ઈન્ટ્રાડેમાં મ્હક્ષ્મમાં ૨૪,૦૦૦થી ઉપરનું લેવલે જોવા મળ્યું હતુ અને ૨૩,૪૫૦નું તળિયું જોવા મળ્યું હતુ. બેંક નિફટીમાં સમાવિષ્ટ ૧૨માંથી એક જ શેર બેંક ઓફ બરોડા ૦.૩૭% વધીને બંધ આવ્યો છે, બાકીના ૧૦ શેર ઘટ્યાં છે અને IDFC બેંક ફ્લેટ બંધ આવ્યો છે.

ICICI બેંક ૨%થી વધુના ઘટાડા સાથે આજે ટોપ લુઝર રહ્યો છે. રિલાયન્સ પણ આજે પોણો ટકો ઘટ્યો છે. સામે પક્ષે આઈટી ઈન્ડેકસ ૧% અપ રહ્યું છે. ટાઈટનના શેરમાં ૬%નો હાઈ જમ્પ જોવા મળ્યો છે.

# મેઘરજ : અંતોલી ગામે પિતાએ ૪ વર્ષના પુત્રને ગળે ટુંપો આપી ખેતરમાં નાખી દેતા ચકચાર,હત્યારાના ત્રણ-ત્રણ પ્રેમ લગ્ન નિષ્ફળ રહેતા તાંત્રિક વિધીની આશંકા

અરવલ્લી બ્યુરો મોડાસા

×છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય× તે કહેવતને ખોટી પાડતી ઘટના અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતોલી ગામે બની છે જેમાં ત્રણ ત્રણ લગ્ન કર્યા બાદ પણ સુખી સંસાર ભોગવી નહિ શકનાર યુવકે તેના જ ૪ વર્ષીય માસુમ પુત્રને કાળા દોરાથી ગળે ટૂંપો આપી ગળું દબાવી દઈ પુત્રનુ મોત નીપજ્યુ હોવાનું માની કુવા નજીક તેના ખેતરમાં નાખી દઈ રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી ખેતરમા બેભાન અવસ્થામાં રહેલા પૌત્રને દાદાએ જોતા જ તાબડતોડ પૌત્રને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો ૪ વર્ષીય પૌત્રનું મોત નિપજતા પરિવારજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું પૌત્રની હત્યા પુત્રએ જ કરી દેતા પરીવાર પર આવી ચઢેલી વજ્રઘાત સામાન ઘટનાથી આક્રંદ કરી મૂક્યું હતું પિતાએ પુત્ર સામે પૌત્રની હત્યા કરવાનો ગુન્હો ઈસરી પોલીસ સ્ટેશને નોંધાવતા પોલીસે હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા હત્યારાના ત્રણ ત્રણ લગ્ન પછી પણ પત્ની જતી રહેતા તેના ૪ વર્ષીય પુત્રની કાળા દોરાની મદદ્થી ગળે ટુંપો આપતા તાંત્રિક વિધિ કે અંધશ્રદ્ધાના વહેમમાં પણ હત્યા કરી હોવાની શંકા કુશંકાઓ થઈ રહી છે . મેઘરજ તાલુકાના અંતોલી ગામનો નૈનેશ નરસિહ નિનામા છેલ્લા સાત વર્ષથી અમદાવાદ બાજુ છુટક મજુરી કામકરતો હતો તેણે પ્રથમ નારણપુર ગામે એક મહીલા સાથે પ્રેમલગ્ન કર્યાહતા તેઓનુ લગ્ન જીવન એકાદ વર્ષસુધી સારૂરહ્યુહતુ ત્યારબાદ નૈનેશ અને તેની પત્ની વચ્ચે મનમેળ ન રહેતાં નૈનૈશની પત્ની તેના પિયરમાં જતીરહીહતી ત્યારબાદ નૈનેશ દાવલી ગામે એક મહીલા સાથે બીજા પ્રેમલગ્ન કર્યાહતા જેમાં નૈનેશે આ મહીલા સાથે ત્રણ વર્ષ સુધી ઘર સંસાર ચલાવ્યોહતો તે દરમ્યાન તેને સંતાનમાં એક દીકરો ધ્રુવ હતો ધ્રુવનો જન્મ થયાપછી આ બન્નેને મનમેળ ન રહેતાં નૈનેશ ની બીજી વારની પત્ની તેના છોકરા ધ્રુવને નૈનેશના ઘરે મુકી તેના પિયર જતી રહેલી ત્યારથી ધ્રુવ ને તેના પિતાના પરીવારે પાસે રાખી તેઓએ તેનુ પાલન પોષણ કરી મોટો કર્યોહતો ત્યારબાદ નૈનેશ દાહોદ જીલ્લાના ઘરબાડા તાલુકાના કોઇ ગામની છોકરી સાથે પ્રેમલગ્ન કરી તેના ઘરે અંતોલી ગામે છ માસ અગાઉ લાવેલો ત્યારબાદ નૈનેશની ત્રીજી પત્ની અંતોલી ગામે ચાર માસ જેટલો સમય રહેલી અને દાહોદ થી તેના પિતા અંતોલી ગામે આવતાં નૈનેશ ની ત્રીજી પત્ની પણ તેના પિયર જતીરહીહતી ત્યારબાદ નૈનેશ અમદાવાદ ખાતે મજુરી કામેજતો રહેલો અને તા.૨૫/૮/૨૦૨૦ નારોજઅમદાવાદ થી નૈનેશ પાછો તેના ઘરે અંતોલી આવ્યોહતો અને તેના પિતા સાથે રહેતોહતો

તા.૨૮/૮/૨૦૨૦ ના રોજ સવારે નૈનેશ તેના દીકરા ધ્રુવ ને લઈને રેલ્લાવાડા ગામે બાલકપાવવા ચાલતો નીકળ્યોહતો ત્યારબાદ અડધા કલ્લાકમાં નૈનેશ એકલો ઘરે આવી અને તેના કપડા થેલીમાં ભરી નીકળતોહતો તેવામાં નૈનેશના પિતા નરસિહભાઈ એ નૈનેશ ને પુછ્યુહતુ કે ધ્રુવ ક્યાંછે નૈનેશે નરસિહભાઈને જણાવ્યુ હતુ કે ધ્રુવને મારી માસી ના ઘરે મુકીને આવ્યોછુ તેમ જણાવી નૈનેશ કપડાંનો થેલો લઈને જતોરહ્યોહતો જેથી નરસિહભાઈ એ નૈનેશની માસીને ફોન કરીને પુછ્યુહતુ કે ધ્રુવ તમારી પાસેછે તેમણે કહ્યુ કે ધ્રુવ અહીયા આવ્યોનથી ત્યારબાદ નૈનેશના પિતા અને માતા એ આજુ બાજુ ધ્રુવની શોધ ખોળ આદરીહતી તેવામાં તેમના ઘર નજીક આવેલ કુવાપાસે મકાઈ ના ખેતરમાં થી મળ્યોહતો ધ્રુવ ના ગળામાં કાળો દોરો ફીટ બાંધી ગાંઠ મારી દીધેલહતી અને ધ્રુવ બેભાન હાલતમાં પડેલહતો જેથી નરસિહભાઈએ ધ્રુવને ઉચકી ઘરેલાવી તેના ઘળામાંથી દોરો કાપી અને ધ્રુવને મોટરસાયકલ ઉપર ઈસરી સરકારી દવાખાને લાવવામાં આવ્યોહતો દવાખાનાના હાજર તબીબે તપાસ કરી વધુ સારવાર માટે મોડાસા સાર્વજનીક હોસ્પીટલ ખાતે રીફર કર્યોહતો પરંતુ ધ્રુવની નાજુક હાલત ને લઈ વધુસારવાર માટે ધ્રુવને અન્ય હોસ્પીટલ માં ખસેડાયોહતો પરંતુ ત્યાંપણ હોસ્પીટલ ના તબીબે ના પાડતાં મોડાસા ની એક પ્રાઈવેટ હોસ્પીટલમાં ધ્રુવને એડમીટ કરાયોહતો જ્યાં ધ્રુવને બે દીવસ વેન્ટીલેટર ઉપર રખાયોહતો પરીવાર પાસે પૈસા નહોવાથી ધ્રુવને પ્રાઈવેટ હોસ્પીટલમાંથી રજા લઈ ૩૦ ઓગષ્ટે હીમતનગર ની સિવીલ હોસ્પીટલમાં ખસેડાયોહતો જ્યાં ધ્રુવ વેન્ટીલેટર ઉપરહતો ૩૧ ઓગષ્ટે સવારે ધ્રુવનુ સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજ્યુહતુ જે ઘટના બાબતે આરોપી નૈનેશ ના પિતા નરસિહ દેવા નિનામા રહે. અંતોલી તા.મેઘરજ એ ઈસરી પોલીમાં પોતાના દીકરા નૈનેશ સામે ખુનનો ગુનો નોધાવ્યોહતો ઈસરી પોલીસે ફરાર આરોપી ને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યાછે

ડ્યા રહેલા અમીર રોડ થી ગુરૂનાનક ચોક રોડ બ્લોક થયો હતો.અને સીટીલાઈન નજીક પોલીસ વાન રસ્તા વચ્ચે આડી ઉભી કરી શહેરીજનોને અલગ માર્ગેથી ડાયવર્ટ કરતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા હતા.જે બાદ પાલનપુર સર્કેટ હાઉસમા ભોજન લઈ બપોરે ડીસા પહોચેલા પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલનુ સ્વાગત કરવા યુવા મોરચા દ્વારા રાજમંદિરથી રેલી યોજાઈ હતી.જે બાદ તેમની રક્તતુલા કરાઈ હતી.અને તે બાદ

અધ્યક્ષે જીલ્લાના કાર્યકરોના સંબોધતા કાર્યકરોની અવગણના નહી પરંતુ ઉત્સાહ વધારવા પાર્ટીના આગેવાનોને ટકોર કરી હતી.જો કે ડીસામા પણ તમામ કાર્યક્રમોમા ઠેર ઠેર સોસિયલ ડીસ્ટન્સનો સરેઆમ ભંગ થતો જોવા મળતા પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલનો બનાસકાંઠા પ્રવાસ ટીકાને પાત્ર બન્યો હતો.

# અરવલ્લી જીલ્લા કલેક્ટરના મનસ્વી વર્તનના આક્ષેપ સાથે કોંગ્રેસે મોડાસા ચાર રસ્તા ખાતે ધરણા,સૂત્રોચ્ચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં પ્રભારી મંત્રીના ઈશારે અમલદારો પ્રજાહિતના મંજૂર કરાયેલ કામો રાતોરાત બદલી માત્ર હિત ધરાવતા કામો જ યાદીમાં સામેલ કરવામાં આવતા હોવાનો અને વહીવટી તંત્ર દ્વારા વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે બાયડના ધારાસભ્ય જશું પટેલ બાયડના ધારાસભ્યએ જિલ્લા સેવા સદન ખાતે શર્ટ કાઢી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.અને ધારાસભ્ય દ્વારા યોજાયેલી રામધૂનમાં જિલ્લા કોંગ્રેસના અગ્રણી કાર્યકરો મોટીસંખ્યામાં જોડાયા હતા.જીલ્લા કલેક્ટર અને વહીવટી તંત્રના અધિકારીઓ કોંગ્રેસના ધારાસભ્યો સામે અને તેમના મત વિસ્તારમાં વિકાસના કામોમાં મનસ્વી વર્તન કરતા હોવાના આક્ષેપ સાથે મોડાસા ચાર રસ્તા ખાતે ધરણા યોજાતા અને વહીવટી તંત્ર અને ભાજપ સામે સુત્રોચાર કરતા ટાઉન પોલીસે કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની ધરપકડ કરી હતી

મોડાસા ચાર રસ્તા ખાતે કલેક્ટર અને વહીવટી તંત્રના મનસ્વી વર્તન સામે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિએ ધરણા કાર્યક્રમ યોજાતા મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થીય રહ્યા હતા ધરણા કાર્યક્રમની મંજૂરી લીધી ન હોવાથી કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની ટાઉન પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી કોંગ્રેસી અગ્રણીઓના જણાવ્યા અનુસાર



જિલ્લાના પ્રભારી મંત્રી દ્વારા ધારાસભ્યો સહિત ચૂંટાયેલ સ્થાનિક પ્રતિનિધિઓએ મંજૂર કરેલ કામો રાતોરાત બદલી નાખવાનું ષડયંત્ર અધિકારીઓની મદદથી હાથ ધરાતું હોવાનો સનસનીખેજ આક્ષેપ તંત્ર સમક્ષ કર્યો હતો.ધારાસભ્યોના અને કોંગ્રેસમાંથી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ચૂંટાયેલ જનપ્રતીનિધિઓના મત વિસ્તારમાં મંજૂર કરાયેલ આયોજન,એટીવીટી અને નાણાપંચ હેઠળના વિકાસ કામો પ્રભારી મંત્રી અને તેમના મળતીયા અધિકારીઓ દ્વારા ધારાસભ્ય કે અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિ ઓને વિશ્વાસમાં લીધા વીના બદલી નાખવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો અને મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.બાયડના ધારાસભ્ય જશું ભાઈ પટેલે જીલ્લા કલેકટર કચેરી અને તંત્ર દ્વારા વિકાસના કામોમાં બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે આયોજનના કામોમાં અધિકારી પૈસા લઈ કામો બદલી નાખતા હોવાનું વારંવાર કલેક્ટરને લેખિત અને મૌખિક જાણ કરી છે તેમ છતાં કોઈ પગલાં ભરવામાં આવતા નથી આયોજન અધિકારીને ફોન કરતા તેમની પાસે ૨૦૦ કરોડની મિલકત હોવાનું અને પૈસાની કોઈ જરૂર ન હોવા છતાં ૧૦ ટકા લઉં છું અને જેન જે થાય એ કરી લે એમ જણાવ્યું હતું કલેકટર તપાસ કરે તો મોટા ભ્રષ્ટાચાર બહાર આવે તેમ હોવા છતાં કલેકટર છાવરતા હોવાનો આક્ષેપ કર્યો હતો

## બાયડ ધારાસભ્ય જશુ પટેલનો અનોખો વિરોધ

# વિકાસના કામો ન થતા કલેક્ટર ઓફિસમાં નીચે બેસી ગયા,ઓફિસ આગળ શર્ટ કાઢી રામધૂન બોલાવી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના બાયડ-માલપુરના ધારાસભ્ય જશુ પટેલે તેમના મત વિસ્તારમાં વિકાસના કામો થતા ન હોવાની સાથે તંત્ર દ્વારા વિકાસના કામોમાં રોડા નાખવામાં આવી રહ્યા હોવાનું અને તંત્ર રાજકીય ઈશારે કામ કરતુ હોવાનું અને પ્રભારીમંત્રી વિકાસના કામો બદલી નાખતા હોવાના આક્ષેપ સાથે જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને રજુઆત કરવા પહોંચ્યા હતા અને કલેકટર કચેરીમાં જ નીચે બેસી જઈ વિરોધ નોંધાવ્યા પછી કલેકટરની અન્યાય કારક નીતિ અને વિકાસની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર થતો હોવાનું જણાવી કલેક્ટર ઓફિસ પરિસરમાં શર્ટ કાઢી નાખી રામધૂન બોલાવી વિરોધ કરતા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ પણ રામધૂનમાં જોડાતા જીલ્લા સેવાસદનમાં ભારે દોડધામ મચી હતી ધારાસભ્ય જશું પટેલે ન્યાયની માંગ સાથે આંદોલન શરુ કરતા પોલીસ દોડી આવી હતી અને ધારાસભ્ય જશું પટેલ અને કોંગ્રેસના અગ્રણીઓની અટકાયત કરતા જીલ્લા સેવાસદનમાં મચેલ હંગામો શાંત પડ્યો હતો . બાયડ-માલપુરના કોંગ્રેસના ધારાસભ્ય જશું ભાઈ પટેલે તેમના મત વિસ્તારમાં તેમને ચૂંટાયાના એકવર્ષ જેટલો સમય થયો હોવા છતાં રાજકીય દ્રેષ ભાવ રાખી વિકાસના કામો અટકાવવામાં આવતા હોવાનું અને વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપ સાથે આ મુદ્દે જીલ્લા કલેક્ટરને રજુઆત કરી વિરોધ નોંધાવવા જમીન પર બેસી ગયા હતા. ત્યાર બાદ જીલ્લા સેવાસદન પરિસરમાં શર્ટ કાઢી અન્યાય સામે રામધૂન બોલાવી હતી જેમાં જીલ્લા કોંગ્રેસના જયદત્તસિંહ પુવાર અને કોંગ્રેસી અગ્રણીઓ જોડાતા જીલ્લા કલેકટર પરિસરમાં હંગામો મચી જતા પોલીસ તાબડતોડ દોડી આવી ધારાસભ્ય જશું પટેલ સહીત કોંગ્રેસી અગ્રણીઓની ટીગાટોળી કરી અટકાયત કરી હતી . બાયડના ધારાસભ્ય જશું પટેલના જણાવ્યા અનુસાર એકવર્ષ જેટલો સમય ધારાસભ્ય તરીકે ચૂંટાયાને થયો છે તેમના વિસ્તારના પ્રશ્નો, નાના-મોટા કામો, આયોજનના કામો,એટિવિટીના કામો,નાણાપંચના કામો ,અંગે અન્યાય થઈ રહ્યો છે નક્કી કરાયેલ કામો બદલી નાખવામાં આવે છે જીલ્લાના પ્રભારી મંત્રી તેમની ઈચ્છા પ્રમાણે કામ બદલી રહ્યા છે તેમાં તંત્રના અધિકારીઓનો ઉપયોગ કરી રહ્યા છે મારી મંજૂરી વગર વિકાસના કામ પૈસા લઈને બદલી નાખવામાં આવે છે

## અરવલ્લી એસલસીબી પોલીસે ત્રણ શખ્શોને દબોચ્યા

# વડોદરાથી ટ્રેક્ટર ચોરી મોડાસામાં ટ્રેક્ટર વેચાણ કરવા આવેલ ટોળકી ઝડપાઈ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં વાહનચોરી કરતી અનેક ગેંગ સક્રીય છે રાજયમાં રોજ બરોજ અનેક વાહનચોરીની ફરિયાદ પોલીસ મથકે નોંધાતી હોય છે ત્યારે વડોદરાના વાઘોડિયા નજીકથી ટ્રેક્ટરની ચોરી કરી અરવલ્લી જીલ્લામાં ચોરેલ ટ્રેકટર વેચાણ અર્થે આવવાની બાતમી અરવલ્લી એલસીબી પોલીસે મળતા એલસીબી પોલીસે હજીરા વિસ્તાર અને બાયપાસ રોડ પર વોચ ગોઠવી હતી જીઆઈડીસી નજીક ચોરેલ ટ્રેકટર સાથે પસાર થતા ત્રણ શખ્શનોને દબોચી લીધા હતા એલસીબી પોલીસે ટ્રેકટર-ટ્રોલી સાથે ૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે વાઘોડિયાથી ચોરી કરેલ ટ્રેક્ટર-ટ્રોલી વેચાણ અર્થે કેટલાક શખ્શો હજીરા વિસ્તારમાં આવવાના હોવાની બાતમી મળતાં એલસીબી પોલીસ સતર્ક બની મોડાસાના પ્રવેશતા માર્ગો પર વોચ ગોઠવી હતી ત્યારે બાતમી આધારિત વાદળી રંગનું ટ્રોલી સાથે પસાર થતા ટ્રેકટરને અટકાવી શખ્શોની શખ્ત પૂછપરછ કરતા આ ટ્રેકટર વડોદરાના વાઘોડિયા વિસ્તારમાંથી ચોરી કર્યું હોવાનું કબૂલાત એલસીબી પોલીસે ટ્રેકટર-ટ્રોલી કીં.રૂ.૩.૫૦ લાખને જપ્ત કરી ૧)વિક્રમ હીરાભાઈ તળપદા, ૨)અજય કનુભાઈ તળપદા (બંને.રહે કજાડા-નડિયાદ) અને ઈમ્તિયાઝ ગુલામહુસેન વ્હોરા (રહે,ગોળ લીમડા,જમાલપુર-અમદાવાદ) ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી સરહદી જિલ્લો હોવાથી અહીંથી અવારનવાર વિદેશી દારૂની ખેપ મારતા બુટલેગરો સતત પોલીસના હાથે ઝડપાઈ રહ્યા છે તાજેતરમાં ઈસરી પોલીસ ઈન્સ્પેકટર આર. એસ. તાવિયાડ અને તેમની ટીમ વિદેશી દારૂની હેરાફેરીની મળેલ બાતમીના આધારે કુણોલ ત્રણ રસ્તા પર નાકાબંધી કરી ઉભા હતા ત્યારે બે બાઈકો હીરો સ્પેલેન્ડર અને બજાજ ડિસ્કવર એમ બે બાઈકો પર અલગ અલગ થેલાઓમાં ભરી ભારતીય બનાવટની વિદેશી દારૂની છુટી બોટલો નંગ. ૪૮. વિદેશી દારૂ, બે મોટરસાયકલ, મોબાઈલ મળી કુલ રૂપિયા ૭૭,૮૦૦ /-ના મુદ્દામાલ સાથે પકડાયેલા આરોપીઓમાં (૧) આયુશસિહ નિકુસિહ ઝાલા ઉં વ. ૧૯. રહે. દહેગામ તા. જી. ગાંધીનગર (૨)પ્રભાતસિહ હઠીસિહ રાઠોડ ઉં વ. ૨૫. રહે. કુણોલ તા. મેઘરજ (૩)પ્રવિણસિહ શેતાનસિહ રાઠોડ ઉં વ. ૨૩. રહે. કુણોલ તા. મેઘરજ એમ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

# લોકડાઉનમાં કોરોના અંગે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં સાઠંબાની પ્રાચી જોશી પ્રથમ ક્રમે




અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે લોકડાઉનમાં સમગ્ર જનજીવનપ્રભાવીત થયું છે અરવલ્લી જીલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્ર અરવલ્લી દ્વારા લોકડાઉન દરમિયાન યોજાયેલા કોરોના નિબંધ સ્પર્ધામાં સમગ્ર જીલ્લામાંથી અનેક સ્પર્ધકોએ ભાગ લીધો હતો જેમાં સાઠંબા ગામની પ્રાચી કૌશિકભાઈ જોશીએ પ્રથમ ક્રમ મેળવી સમગ્ર જીલ્લામાં ગામનું નામ રોશન કર્યું હતું લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સર્ટિફિકેટ આપી પ્રાચી જોશીને સન્માનીત કરવામાં આવી હતી લોકોએ શુભેચ્છા પાઠવી હતી

### મિત્રો ધારાસભ્ય જશું પટેલે આજે કલેકટર શ્રી ની ઓફીસ માં કપડાં કેમ કાઢ્યા તેનું કારણ જાણો છો... જાણવા માટે નિચેનો ફકરો આખો વાંચો

**હાલમાં માલપુર તાલુકા પંચાયત માં પ્રમુખ તરીકે હાલમાં ધારાસભ્ય જશું પટેલ ના ભાભી પ્રમુખ પદ પર છે . પ્રમુખ ના પતિ એ વિકાસ ના કામો જે આપ્યા હતા તે જગ્યા એ કામોની જરૂરિયાત ન હોવાનું સર્વે દ્વારા જણાતા મહિલા અધિકારીએ સરપંચો ના લેટર પેડ પર આવેલા જરૂરિયાત ના વિકાસ ના કામો ફાળવ્યા હતા.જે પ્રમુખ ના પતિ ને ના ગમતા તેમને મહિલા અધિકારી ની ઓફિસ માં જઈ ઝઘડો કર્યો હતો.ત્યારે મહિલા અધિકારીએ એવું કહ્યું કે દ્વિ. તમે ઊંચા અવાજ થી વાત ના કરો અને તમે ચૂંટાયેલા પ્રતિનિધિ નથી તમારા પત્ની ચૂંટાયેલા પ્રતિનિધિ છે એમનો મોકલો હું એમની સાથે ચર્ચા કરી લઈશ ત્યારે આ વાત જશું પટેલ સુધી પહોંચતા નિષ્પક્ષ , નીડર અને નોન કરપટેડ મહિલા અધિકારી સામે બાયો ચઢાવી કપડાં કાઢવાનું નાટક કરેલ છે.**

**જય હીન્દ...**

# માણાવદર તાલુકાના પાદરડી ગામે પશુચારો લઈ આવતા ખેડૂત નો પગ લપસ્તા નદીમાં ડૂબ્યા

માણાવદર તાલુકામાં ૬૦ ઇંચ થી વધુ વરસાદે અનેક ખેતરો મોલાત સાથે નૂકશાની ઉપરથી વેણુડેમ સહિત અનેક ડેમો જુદી જુદી નદીઓ ના પૂર હોનારત ની નુક્શાની થતા હાલ ધણા ગામોમાં હજી ધાસચારની તંગી ઉદભવી છે મોલાત સારી થશે તો જીવન નિર્વાહ કરશું પરતું તે આશા ઠગારી નીવડી છે.હજારો એકર જમીનો મોલાતો ને નુકસાની છે.

પાદરડી ગામે ખેતી કામ તથા પશુપાલન કરી જીવન નિર્વાહ ચલાવતા સંજયભાઈ નાથાભાઈ કેશવાલા (ઉ.વ.૩૮ ) આજે સવારે ગામની નજીક ખેતરેથી પશુઓ માટે પશુ ચારાનો ભારો લઈ સામે કાંઠે ઉભેલ તેમના પત્ની બાળકોને નદી વેણ છે તેમાં થી પશુચારો દેવા આ કાંઠે આવી રહેલ તે દરમિયાન પગ લપશતા નદીમાં પડેલ અને ડૂબી જતા મૃત્યુ પામતા પરિવાર ની નજર સામેજ તણાયા ડૂબ્યા તેથી પરિવાર હતભ્રત થયો હતો .તેની જાણ ડિઝાસ્ટર ટીમ માણાવદર સ્થાનિક ટીમ ના જાહીર ઠેબા, કુલદિપસિંહ જાડેજા સહિતના એ ડેડબોડી શોધ ખોળ કરી હતી આ બનાવથી નાનકડા ગામમાં શોક ફેલાયો છે. મરણ જનારને દિકરો, દિકરી પાંચ થી દશ વર્ષના જછે જે બાળકોએ પિતાની છત્ર છાંયા ગુમાવી છે

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# અગાઉ સોસિયલ ડીસ્ટન્સના નિયમને લઈ ચર્ચાએ ચઢેલા ભાજપના પ્રદેશ પ્રમુખ ઉત્તર ગુજરાતના પ્રવાસમાં પણ ટીકા ને પાત્ર બન્યા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અગાઉ સોસિયલ ડીસ્ટન્સના નિયમને લઈ ચર્ચાએ ચઢેલા ભાજપના પ્રદેશ પ્રમુખ ઉત્તર ગુજરાતના કાર્યકર્તાઓની મુલાકાતે નીકળી ગુરૂવારે વહેલી સવારે અંબાજી પહોચ્યા હતા.જો કે ભાદરવી મેળામા કોરોનાને પગલે મંદિરના દ્વાર બંધ રખી ભક્તો માટે નો એન્ટ્રી કરી દેવાઇ હતી.જેથી ભક્તો વિના અંબાજી સુનુ રહ્યુ હતુ.પરંતુ અંબાજીમા સીઆર પાટીલનુ સ્વાગત કરવા ભાજપ ભક્તો સોસિયલ ડીસ્ટન્સ ભુલી ઉમટી પડતા ભાદરવી પુનમને બીજે દિવસે જ અંબાજી વાસીઓને મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.જો કે તે બાદ સી આર પાટીલ પાલનપુર અને ડીસામા કાર્યકર્તાઓનુ અભિવાદન ઝીલવા પહોચ્યા હતા.ઠેર ઠેર યોજાયેલા રોડ-સો સહીત સભામા કાર્યકર્તાઓ કોરોના ગાઇડલાઇનને નેવે મુકી સોસિયલ ડીસ્ટન્સ જ ન જાળવતા પ્રદેશ અધ્યક્ષનો પ્રવાસ જીલ્લાવાસીઓમા ટીકાને પાત્ર બન્યો હતો. ઉત્તર ગુજરાતમા ભાજપના કાર્યકર્તાઓની મુલાકાત કરવા પ્રવાસે નિકળેલા ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ ગુરૂવારે અંબાજી પહોચ્યા હતા.અને માઁ અંબાના ચરણો માં શિશ જુકાવી પોતાના પ્રવાસ ની શરૂઆત કરી હતી.જો કે અંબાજીમા ભાદરવી પુનમના મેળા દરમ્યાન કોરોના મહામારીના સંક્રમણને ધ્યાને લઇ મંદિરના દ્વાર બંધ રખાઇ ભક્તો માટે નો એન્ટ્રી કરાવાઇ હતી.જેથી ભક્તોએ મા અંબાના કાર્યક્રમો ઘરે રહી નીહાળી શિશ જુકાવ્યુ હતુ.જેથી ભાદરવી મેળા દરમ્યાન અંબાજી ભક્તો વિના સુનુ બન્યુ હતુ.પરંતુ ભાદરવી પુનમને બીજે જ દિવસે એટલે કે ગુરૂવારે અંબાજી મંદિરના દ્વાર ખુલતા જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલએ માં અંબેના ચરણો માં શિશ જુકાવી પોતાનો ઉત્તર ગુજરાતના પ્રવાસની શરૂઆત કરતા અંબાજીમા પ્રદેશ અધ્યક્ષને વધાવવા ભાજપ ભક્તોના ટોળે ટોળા ઉમટ્યા હતા.અને રોડ-શો,સહીત સભામા ભાજપ ભક્તો કોરોનાને ભુલી ગયા હોય તેમ સોસિયલ ડીસ્ટન્સ વિના જ એકઠા થઇ જતા અંબાજીમા મેળ?ા જેવા દ્રષ્યો સર્જાયા હતા.જો કે તે બાદ પ્રદેશ અધ્યક્ષ દાંતા,જલોત્રા,રૂપપુરા સહીત ઠેર ઠેર કાર્યકર્તાઓનુ અભીવાદન ઝીલતા ઝીલાત પાલનપુર પહોચ્યા હતા.અને ધનીયાણા ચોકડીથી પ્રદેશ અધ્યક્ષ સીહાસન ગાડીમા ઉભા રહી ડી.જે તેમજ નાસીક ઢોલ સાથે અભીવાદન ઝીલવા નિકળ્યા હતા.જો કે પાલનપુરના વડલીવાળા પરા, દીલ્હી ગેટ, અમીર રોડ,ગુરૂનાનક ચોક આંબેડકર હોલ સહીતના વિસ્તારોમા કાર્યકરો કોરોનાની ગાઇડ લાઇનને ભુલી ગયા હોય તેમ અધ્યક્ષનુ સ્વાગત કરવા ઉમટી પડતા સોસિયલ ડીસ્ટન્સના ધજાગરા ઉડતા નજરે પડ્યા હતા.તે બાદ આંબેડકર હોલમા અભીવાદન કાર્યક્રમમા પહોચેલા અધ્યક્ષના કાફલાના વાહનો પાર્ક કરવાને બદલે જાહેરમાર્ગ પર જ પડ્યા રહેલા અમીર રોડ થી ગુરૂનાનક ચોક રોડ બ્લોક થયો હતો.અને સીટીલાઇન નજીક પોલીસ વાન રસ્તા વચ્ચે આડી ઉભી કરી શહેરીજનોને અલગ માર્ગેથી ડાયવર્ટ કરતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા હતા.જે બાદ પાલનપુર સર્કેટ હાઉસમા ભોજન લઇ બપોરે ડીસા પહોચેલા પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલનુ સ્વાગત કરવા યુવા મોરચા દ્વારા રાજમંદિરથી રેલી યોજાઇ હતી.જે બાદ તેમની રક્તતુલા કરાઇ હતી.અને તે બાદ અધ્યક્ષે જીલ્લાના કાર્યકરોના સંબોધતા કાર્યકરોની અવગણના નહી પરંતુ ઉત્સાહ વધારવા પાર્ટીના આગેવાનોને ટકોર કરી હતી.જો કે ડીસામા પણ તમામ કાર્યક્રમોમા ઠેર ઠેર સોસિયલ ડીસ્ટન્સનો સરેઆમ ભંગ થતો જોવા મળતા પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલનો બનાસકાંઠા પ્રવાસ ટીકાને પાત્ર બન્યો હતો.



**પાલનપુર ખાતે પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી સીઆર પાટિલ નું સરદાર પટેલ ની પ્રતિમા આપીને ભાઈ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું તેમજ વિશાળ રેલી યોજી તેમને પાલનપુર ની મુલાકાત કરવી પાટીલ સાહેબ નું બહુમાન કરવામાં આવ્યું..સાંસદ.ધારાસભ્ય.સ્થાનિક નેતાઓની હાજરી. (બનાસકાંઠા બ્યુરો)**

# આવો કોઈની મદદ કરીએ ફાઉન્ડેશન અને હિંદુ યુવા સંગઠન સાબરકાંઠા દ્વારા ફાયર ઈન્સ્પેક્ટર પ્રતાપસિંહ દેવડાનું સન્માન કરવામાં આવ્યું



આવો કોઈની મદદ કરીએ (વીર પ્રતાપ ફાઉન્ડેશન ) ના સ્થાપક, અને હિંદુ યુવા સંગઠન ઉ.ગુજરાત ના પ્રમુખ ભૃગુવેદ્રસિંહ કુંપાવત અને એમની ટીમ દ્વારા લોક ડાઉન માં કોરોના જેવી વૈશ્વિક મહામારી માં જનમાનસ વચ્ચે યોદ્ધા તરીકે સર્વોત્તમ ભૂમિકા ભજવનાર જેમણે જીવના જોખમે સેવા કરેલ છે એવા ફાયર ઈન્સ્પેકટર પ્રતાપસિંહ દેવડા નું સન્માન કરવામાં આવ્યું, પ્રતાપસિંહ દેવડા દ્વારા આજ દિન સુધી ૬૩ વ્યક્તિઓ અને ૭૨૨ પશુ પક્ષીઓ ને નવજીવન બક્ષ્યું છે, પાણી તેમજ અકસ્માત સમયે ૧૦૧૦ ડેડ બોડી પરિવાર જનોને અંતિમ દર્શન કરાવેલ છે, તેમજ ૨૩૦૦ ફાયર કોલ કરેલ છે, પ્રતાપસિંહ ના વિશિષ્ટ કર્યો થી પ્રભાવિત થઈ મહા મહિમ રાષ્ટ્રપતિ શ્રી તરફ થી રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરેલ છે,

સન્માન સર્વિનભાઈ પટેલ,ગુણવંત સિંહ કુંપાવત મનીષભાઈ કીમતાની, તેજસ પટેલ, સુનીલ શાહ, મિતુલ ભાઈ વ્યાસ,પ્રતિકભાઈ પટેલ, દિગ્વિજયસિંહ પૂવાર, કેતનભાઈ શ્રીમાળી, મયુરભાઈ પ્રજાપતિ, દીપરાજસિંહ રાજપૂત, વનરાજસિંહ રાઠોડ, ઉત્પલ પંચાલ, દિપેન્દ્ર સિંઘ બેદી, હર્ષ પટેલ, મહિપલસિંહ ચૌહાણ, દ્વારા કરવામાં આવ્યું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.